Extra No. 219

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] MONDAY, AUGUST 23, 2021 / BHADRA 1, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખઃ ૧૦મી મે, ૨૦૨૧ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચઆર/૨૦૨૧/૩૯/એફએસી/૧૪૨૦૨૧/૧૯૪/એમ૩.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Gujarat Factories Rules, 1963.**

**ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ સુધારવા**

**સંબંધી**

**જાહેરનામું**

**શ્રમ અને રોજગાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી મે, ૨૦૨૧

**કારખાના અધિનિયમ, ૧૯૪૮.**

**ક્રમાંક: જીએચઆર/૨૦૨૧/૩૯/એફએસી/૧૪૨૦૨૧/૧૯૪/એમ૩:-** કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૧૧૫ ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમો, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ: ૧૨-મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચઆર/૨૦૨૧/૧૫/એફએસી/૧૪૨૦૨૧/૧૯૪/એમ૩. હેઠળ તારીખ: ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી-માં, પાના ૬૨-૧ થી ૬૨-૨-માં પ્રસિદ્ધ કર્યા હતા અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખથી પિસ્તાળીસ દિવસની મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને સરકારને વાંધા અથવા સૂચનો મળ્યા છે અને સરકારે તેને વિચારણામાં લીધા છે;

તેથી, હવે, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૧૧૨-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત કારખાના (સુધારા) નિયમો, ૨૦૨૧ કહેવાશે.

૨. ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩માં, નિયમ ૬૮ ખ-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૬૮-ખ. વ્યક્તિગત રક્ષણાત્મક સાધનોની ગુણવત્તા:

આ અધિનિયમ અથવા નિયમોની કોઈ જોગવાઈ હેઠળ જરૂરી હોય તેવા કામદારોને પૂરા પાડેલા તમામ વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો, સંબંધિત ભારતીય ધોરણો (માનક), કોઈ હોય, તો તેને અનુરૂપ હોવા જોઈશે અથવા ધોરણો ન હોય, ત્યારે મુખ્ય કારખાના નિરીક્ષકે, વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો મંજૂર (માન્ય) કરવા જોઈશે:

પરંતુ સંબંધિત ભારતીય ધોરણો ધરાવતા ન હોય અથવા મુખ્ય કારખાના નિરીક્ષક પાસેથી મંજૂરી મળી ન હોય તેવા વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો (PPEs), સંબંધિત ભારતીય ધોરણો ઉપલબ્ધ કરવામાં આવે ત્યાં સુધી, વખતોવખત સુધાર્યા પ્રમાણેના યુરોપિયન સ્ટાન્ડર્ડ (EN) અથવા અમેરિકન નેશનલ સ્ટાન્ડર્ડસ ઈન્સ્ટિટ્યૂટ (ANSI) અથવા યથાપ્રસંગ, ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશન (ISO) સાથે સુસંગત હોવા જોઈશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**જ્યોત્સના ચૌહાણ,**
સરકારના નાયબ સચિવ.

---

Government Central Press, Gandhinagar.

વાર્ષિક લવાજમ ... રૂ. ૪,૦૦૦/-

Extra No. 57

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] MONDAY, MAY 17, 2021 / VAISAKHA 27, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

### Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts

### LABOUR AND EMPLOYMENT DEPARTMENT

### NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 10th May, 2021

THE FACTORIES ACT, 1948.

No.GHR/2021/39/FAC/142021/194/M3:- WHEREAS certain rules were published as required by sub-section (1) of section 115 of the Factories Act, 1948(LXIII of 1948) at pages 62-1 to 62-2 of the Gujarat Government Gazette, Extraordinary, Part IV-B, dated the 18th February,2021,under the Government Notification. Labour and Employment Department No.GHR/2021/15/FAC/142021/194/M3. dated the 12th February, 2021 inviting objections and suggestions from all persons likely to be affected thereby within a period of fourty five days from the date of publication of the said notification in the *Official Gazette;*

AND WHEREAS the Objections or suggestions, have been received, and the same have been considered by the Government;

NOW THEREFORE, in exercises of the powers conferred by section 112 of Factories Act, 1948 (LXIII of 1948), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Factories Rules, 1963, namely:-

1. These rules may be called the Gujarat Factories (Amendment) Rules.2021.
2. In the Gujarat Factories Rules, 1963, for rule 68 B, the following rule shall be substituted namely:-

"68-B. Quality of personal protective equipments :

All personal protective equipments provided to workers as required under any of the provisions of the Act or Rules shall conform to the relevant Indian Standards, if any or in the absence of it, personal protective equipment shall be approved by the Chief Inspector of Factories:

Provided that the PPEs not having relevant Indian Standards or not having approval from Chief Inspector of Factories, shall be required to compliant with EN (European Standard) or ANSI (American National Standards Institute) or ISO (International Organization for Standardization), as the case may be , as modified from time to time till the relevant Indian Standard is made available.".

By order and in the name of the Governor of Gujarat,

JYOTSNA CHAUHAN,
Deputy Secretary to Government.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

## કારખાના ધારા-૧૯૪૮ હેઠળના જાહેરનામા વિધાનસભાના મેજ ઉપર મુકવાની બાબતે થયેલ વિલંબ અંગે.

કારખાના ધારા-૧૯૪૮ અંતર્ગતના ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ માં સુધારા અંગે જાહેરનામા ક્ર. GHR/2021/39/FAC/142021/194/M3, તા.૧૦/૦૫/૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આ જાહેરનામાંની અંગ્રેજી અને ગુજરાતી નકલો તરત પછી મળનાર વિધાનસભાના સત્ર દરમિયાન વિધાનસભાના મેજ પર મૂકવાની રહે છે.

ઉક્ત જાહેરનામા અંગે ગત વિધાનસભા સત્ર દરમ્યાન વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ તરફથી વિધાનસભા મેજ પર મૂકવાના થતા વૈધાનિક નિયમો, જાહેરનામાંઓ, હુકમો વગેરે અંગેની કાર્યવાહી કરવા સુચના મળતા, કારખાના ધારા-૧૯૪૮ ની કલમ -૧૧૫ (૨) હેઠળ ઉક્ત જાહેરનામાની નકલ વિધાનસભા મેજ પર મુકવાની થતી હોઈ, અત્રેના વિભાગ હેઠળની સંબંધિત કચેરીના પરામર્શમાં જાહેરનામું વિધાનસભા મેજ પર મૂકવા અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તેમજ તે સંબંધિત જરૂરી પૂર્તતા પ્રાપ્ત થતાં માન. મંત્રીશ્રીની મંજુરી અર્થે રજુ કરવામાં આવેલ. પરંતુ, તે સમયગાળા દરમ્યાન વિધાનસભા સત્ર શરૂ થઈ ગયેલ હોઈ, તેમજ વિધાનસભા મેજ પર મૂકવાના થતા વૈધાનિક નિયમો, જાહેરનામાંઓ, હુકમો વગેરે અંગેની કાર્યવાહી પણ પૂર્ણ થઈ ગયેલ હોય, સદર જાહેરનામા આગામી વિધાનસભા સત્રમાં રજુ કરવા અંગે અત્રેથી માન. મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારની મંજુરી મેળવેલ હતી. આથી, સદર જાહેરનામું તા.૨૭/૦૯/૨૦૨૧ થી તા.૨૮/૦૯/૨૦૨૧ ના સત્ર દરમિયાન વિધાનસભાના મેજ ઉપર મુકી શકાયેલ નથી.

(ગગુભા રાજ)
નાયબ સચિવ (શ્રમ)

# Regarding delay in laying of the notification issued under the Factories Act-1948 before the Legislative Assembly

A Notification for an amendment to The Gujarat Factories Rules, 1963 under The Factories Act, 1948 has been issued vide Notification No. GHR/2021/39/ FAC/142021/M3, dated 10/05/2021. As per Act, English and Gujarati copies of the said notification needs to be laid before the State Legislative Assembly, to be held immediately afterwards.

During the last assembly session, instructions had been received from Legislative and Parliamentary Affairs Department to take necessary action on laying of Statutory Rules, Notifications, Orders and the Annual Reports of the Boards/ Corporations. As per the provisions of clause (2) of Section-115 of the Factories Act, 1948, a copy of the above said notification needs to be laid before the assembly, for which department has taken appropriate action for the same in consultation with the concerned office. After receiving due compliance, it was submitted for the approval of Hon'ble Minister (Labour, Skill Development and Employment). But meanwhile, the two days' assembly session was commenced, and the process therein for laying of Statutory Rules, Notifications, Orders and the Annual Reports before the Legislative Assembly was over. So, approval of Hon'ble Minister, Labour, Skill Development and Employment was taken for laying of this notification in upcoming Assembly session. Therefore, notification couldn't be laid before the legislative Assembly commenced during Dt.27/09/2021 to Dt.28/09/2021.

(GAGUBHA RAJ)
Deputy Secretary (Labour)